



# પ્રાંતિજ નગરપાલિકામાં પાણીને લઈને મહિલાઓએ હોબાળો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે શાંતિનાથ અને ગોપીનાથ સોસાયટીના રહીશોને છેલ્લા એક મહિનાથી પાણી ના મળતાં સોસાયટીની મહિલાઓ પાલિકામાં દોડી આવી પાણીને લઈને હોબાળો કર્યો હતો. પ્રાંતિજ રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલ શાંતિનાથ સોસાયટી તથા એપ્રોચરોડ ઉપર આવેલ ગોપીનાથ સોસાયટીમાં છેલ્લાં એક મહિનાથી સોસાયટીના રહીશોને પ્રાથમિક સુવિધા પાણી ના મળતાં બન્ને સોસાયટીની મહિલાઓ પ્રાંતિજ નગરપાલિકા ખાતે દોડી આવી હતી અને પાણીને લઈને હોબાળો મચાવ્યો હતો. પાણી આપો પાણી આપોના સુત્રોચ્ચારો સાથે પાલિકામાં બેસી ગઈ હતી. પાણી નહીં મળે ત્યાં સુધી પાલિકામાંથી જઈશું નહીં તેવી જીદ પકડી હતી. નગરપાલિકા ચીફઓફિસર વિશાલ પટેલ, નગરપાલિકા ઉપપ્રમુખ નયનભાઈ દેસાઈ, નગરપાલિકા કોર્પોરેટર દિપકભાઈ કડીયા દ્વારા મહિલાઓને પાણી આપવવાની ખાત્રી આપી જલદી પાણીની સમસ્યાનો ઉકેલ આવી જશે તેવું કહેતા આખરે મામલો થાળે પડયો હતો.






કાકરેજ તાલુકાના ચેખલા ગામે જોગણી માતાજીની શોભાયાત્રા કાઢી ગ્રામજનો દ્વારા ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ચેખલા ગામે આવેલ જોગણી માતાજીનું પવિત્ર સ્થાનક છે. આ મંદિર વર્ષોપુરાણું હોવાનું ગામલોકોનું માનવું છે. ગામમાં જોગણી માતાની વાર્ષિક તિથિ નિમિત્તે શોભાયાત્રામાં વરઘોડો સાથે સમગ્ર ગામમાં ફરી નિજ મંદિરે પરત આવી હતી. આ પ્રસંગે પંથકવાસીઓ સહિત ગ્રામજનોએ માતાજીની પ્રસાદી લઈ ધન્યતા અનુભવી હતી.

# મોડાસામાં પુરવઠા વિભાગના ખાણી-પીણીની લારીઓ પર દરોડા

મોડાસા તા.૧૫

મોડાસા નગરમાં ખાણીપીણીની લારીઓ ચલાવતા વેપારીઓના ત્યાં અરવલ્લી પુરવઠા વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં ગેરકાયદેસર ઘરેલુ ગેસ સિલિન્ડરથી નાસ્તાલારી પર નાસ્તો બનાવતા વેપારીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરતા ત્રણ બોટલો જપ્ત કરતા કરી હતી. નાયબ મામલતદાર પુરવઠા વિભાગ મોડાસા દ્વારા કાર્યવાહી હાથ ધરતા બે નાસ્તાની લારી પરથી કુલ ત્રણ ઘરેલુ ગેસની બોટલ કરાઈ જપ્ત કરી હતી. ગેરકાયદેસર રીતે ઘરેલુ ગેસ વાપરતા નાસ્તાની લારીના વેપારીઓમાં ફફડાટ મચી જવા પામ્યો હતો અને ઘરેલું ગેસ સિલિન્ડરનો ઉપયોગ કરતા વેપારીઓ ધંધો બંધ કરી પલાયન થઈ ગયા હતા. છેલ્લા ઘણા સમયથી ઉઠેલી માંગને લઈ પુરવઠા વિભાગે ઓપરેશન હાથ ધરતા વેપારી ઓમાં ફફડાટ જોવા મળ્યો હતો.




# ગાંધી-સરદાર વગર આધુનિક ભારતની કલ્પના થઈ શકે નહીં

અમદાવાદ, તા.૧૫

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ સરદાર સાહેબની પુણ્યતિથિ નિમિત્તે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે પહોંચ્યા હતા અને ભાવભિની શ્રદ્ધાંજલિ આપી હતી. રાષ્ટ્રપતિએ આ પ્રસંગે આયોજિત જુદા જુદા કાર્યક્રમોમાં હાજરી આપી હતી. કોવિંદની ઉપસ્થિતિમાં સરદાર સ્મરણાંજલિ ક્ષમતાથી સંગઠિત ભારતનું સ્વરૂપ ઉભું થયું હતું. મહાત્મા ગાંધી અને સરદાર વગર આધુનિક ભારતની કલ્પના અશક્ય છે તેમ રાષ્ટ્રપતિએ કહ્યું હતું. તેમણે એમ પણ કહ્યું હતું કે સ્ટેચ્યુ ઓફ યુનિટ માત્ર ભારત માટે જ નહીં બલ્કે સમગ્ર વિશ્વ માટે આકર્ષણનું કેન્દ્ર બની ગયું છે. એક પ્રવાસન સ્થળ તરીકે પણ વિકસી રહ્યું



પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાર્થના સ્થળે રાષ્ટ્રપતિએ તેમના ધર્મપત્ની સવિતા દેવી સાથે સરદાર સાહેબની તાસવીરને ફુલો અર્પણ કરી શ્રદ્ધાંજલિ આપી હતી.

સરદાર પટેલના વંશજો પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. રાષ્ટ્રપતિએ સરદાર સાહેબને યાદ કરતા કહ્યું હતું કે તેમની દ્રઢ ઈચ્છા શકિત અનો નિર્ણયાક નેતૃત્વ છે. કેવળીયામાં અતિ આધુનિક રેલવે સ્ટેશન સાકાર થતા આ વિસ્તારમાં ગતિ આવશે. કેવડીયામાં રાષ્ટ્રપતિના હસ્તે ૨૦ કરોડના ખર્ચે તૈયાર થનાર રેલવે સ્ટેશનનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું ત્યારે મુખ્યમંત્રી વિજય રૂપાણી અને રેલવે મંત્રી પિયુષ ગોયલની પણ પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. રાજયપાલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# સાબરકાંઠા જિલ્લા શાળા સંચાલક મંડળની વાર્ષિક સાધારણ સભા યોજાશે

ભિલોડા,તા.૧૫

સાબારકાંઠા જીલ્લાની માધ્યમિક અનો ઉચ્ચતાર માધ્યમિક શાળા સંચાલક મંડળની વાર્ષિક સાધારણ સભા ૧૮/૧૨/૨૦૧૮ ને મંગળવારના રોજ અધ્યક્ષા ચતુરસિંહ એમ.ચૌહાણના અધ્યક્ષસ્થાને વક્તાપુર મુકામે યોજાશે. સંચાલક મંડળના પ્રમુખ રમેશભાઈ કે.પટેલ, મહામંત્રી કચરાભાઈ એસ.પ્રજાપતિ,જીલ્લા લઘુમતી સેલના કન્વીનર મહમંદ હુસેનભાઈ શેખ, સંગઠન મંત્રી કેશુભાઈ પી.પટેલ સહિત સંચાલક મંડળના પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે.

જેમાં માધ્યમિક,ઉચ્ચતર માધ્યમિક વિભાગના પ્રશ્નોમાં આચાર્યની ભરતી, પટાવાળા, કલાર્ક, પ્રવાસી શિક્ષકો, પગારગ્રાન્ટ, નિભાવગ્રાન્ટ ફાજલ શિક્ષકોના પ્રશ્નોની ચર્ચા-વિચારણા થશે આ અંગે જે કોઈ માહિતી સંચાલિત મંડળએ લેખિત રજુઆત કરવાની રહેશે જેથી સાબરકાંઠા જીલ્લા શાળા સંચાલક મંડળના હોદેદારો, સંચાલકોએ મોટી સંખ્યામાં વક્તાપુર મુકામે સુરભી હોટલમાં હાજર રહેવા અનુરોધ કરાયો હતો.

# બોર્ડ-નિગમના કર્મચારીઓએ એરીયર્સની રકમ માટે અમિત શાહને પત્ર લખ્યો

ગાંધીનગર, તા.૧૫

રાજય સરકારના કર્મચારીઓની સમકક્ષ પગાર અને ભથ્થા બોર્ડ નિગમના કર્મચારીઓને ચુકવવામાં આવે છે. રાજયના કુલ ૫૪ બોર્ડમાંથી સરકારે ૩૯ બોર્ડ-નિગમોને ૭ માં પગારપંચનો લાભ આપી દીધો છે.પરંતુ ૧૯ માસના પગાર તફાવતનો લાભ આપવામાં આવ્યો નથી. જેથી કર્મચારીઓમાં રોષની લાગણી ફેલાઈ જવા પામી છે. ત્યારે ગુજરાત રાજય બોર્ડ નિગમ-સરકારી સાહસોના કર્મચારી મહામંડળના પ્રમુખ પ્રવિણ સુતારીયાએ ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહને પત્ર લખી ભલામણ કરવા રજુઆત કરી છે.

બોર્ડ-નિગમના કર્મચારીઓને સાતમા પગાર પંચ મુજબ ૧૯ માસનું એરીયર્સ બાકી છે. તે હજુ સુધી કર્મચારીઓને આપવામાં આવ્યું નથી. ૩૯ બોર્ડ-નિગમના કર્મચારીઓને સાતમા પગાર પંચનો લાભ આપવામાં આવ્યો છે. ત્યારે રાજય સરકાર સમક્ષ કર્મચારીઓ અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆત કરી ચુક્યા છે પરંતુ તંત્રના બહેરા કાને હજુ સુધી આ કર્મચારીઓની રજુઆત સંભળાતી નથી. કર્મચારીઓ કાળી પટ્ટી ધારણ કરી વિરોધ પ્રદર્શન, મૌન રેલી, પેન ડાઉન, સુત્રોચ્ચાર સહિતના કાર્યક્રમો કર્યા બાદ પણ તંત્ર દ્વારા હકારાત્મક નિર્ણય આવ્યો નથી. બોર્ડ નિગમના અંદાજીત ૧૦ લાખ કર્મચારી પરિવારમાં અસંતોષ ઉભો થવા પામ્યો છે. ત્યારે બોર્ડ નિગમના કર્મચારીઓએ એરીયર્સના નાણા હજુ સુધી સરકાર દ્વારા નહીં ચુકવાતા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહને પત્ર લખી ભલામણ કરવા રજુઆત કરી છે.

## કલાકમાં ૨૫૦૦ ખાખરા બનાવતું ફુલ્લી ઓટોમેટીક મશીન

### ભરૂચની કવોલીમાર્ક કંપનીનું મશીન ૬ પ્રકારના ખાખરા તૈયાર કરે છે

ગાંધીનગર, તા.૧૫

ચા અને ખાખરા એ ગુજરાતીની ઓળખ છે, ગુજરાતીને સવારે ચા જોઈએ નાસ્તામાં ખાખરા તો જોઈએ. પરંતુ ખાખરા બનાવવાનું કામ સૌથી અઘરુ છે. પરંતુ ઘરે બનાવેલા ખાખરાનો સ્વાદ પણ અલગ હોય છે. ત્યારે એક કલાકમાં ૪૫૦ ખાખરા તૈયાર થાય તેવું આધુનિક મશીન ભરૂચની કવોલીમાર્ક કંપનીએ બનાવ્યું છે. જયારે આ મશીનના ખાખરાનો સ્વાદ ચાખવા માટે મુલાકાતીઓ પડાપડી કરી રહ્યા છે.

શહેરમાં ખાદ્ય-ખોરાક પ્રદર્શનમાં ભરૂચની કવોલીમાર્ક કંપની દ્વારા મુકવામાં આવ્યું છે. જેમાં સેમી અને ફુલ્લી બંન્ને મશીન છે. રૂ. ૬ થી ૨૫ લાખના મશીન આવેલા છે. જયારે ખાખરાનું નાનું મશીન કલાકમાં ૪૫૦ ખાખરા તૈયાર કરે છે તો મોટું મશીન કલાકમાં ૨૫૦૦ ખાખરા બનાવે છે. જયારે ચપાટી રોટલી ૪૦૦ કલાકમાં જયારે મોટું મશીન ૧૭૦૦ રોટલી તૈયાર કરે છે.

પાણીપુરી, જલજીરા, મેગી સહિત ફલેવરના ખાખરા મશીનમાં તૈયાર થાય છે. આ મશીનના ખાખરાથી મેન પાવર ઓછો થઈ જાય છે. તેમજ ખાખરા એક સરખા બને છે, કાચા નથી રહી જતા સરખા શેકાઈ જાય છે અને કવોલીટી જળવાય છે. વેપાર રોજગાર માટે આ મશીન ખુબ ઉપયોગી હોવાથી ખાદ્ય ખોરકના પ્રદર્શન મેળામાં લાઈવ ડેમોમાં ખાખરાનો સ્વાદ પણ ચાખવા મળે છે. ભરૂચની કવોલીમાર્ક કંપની દ્વારા તૈયાર કરવામાં આવેલ ખાખરા મશીનને નિહાળવા મુલાકાતીઓની ભીડ ઉમટી પડે છે. આ સ્ટોલની મુલાકાત રોજના હજ્જારો મુલાકાતીઓ લે છે.

# પ્રાંતિજ દલાની મુવાડી જોગણી માતાજીનો ફોટો પ્રતિષ્ઠા યોજાઈ

પ્રાંતિજ, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના દલાની મુવાડી ખાતે ઉજવણી કરવામાં આવી હતી, જેમાં સ્વ. સરદારસિંહ ઝાલાના પરિવાર દ્વારા યજ્ઞનો લાભ લીધો આચાર્ય સતીષભાઈ દ્વારા વિધિવત પૂજા અર્ચના કરાવવામાં આવી હતી. ગુજરાત પ્રદેશ કરણી સેનાના



ફુલબાઈ જોગણી માતાજીનો ફોટો પ્રતિષ્ઠા મહોત્સવ રંગેચંગે ઉજવવામાં આવ્યો.

પ્રાંતિજના દલાની મુવાડી ખાતે આવેલ ફુલબાઈ જોગણી માતાજીનો ફોટો પ્રતિષ્ઠા રંગેચંગે હતો. વાજતેગાજતે ગામમાં શોભાયાત્રા કાઢવામાં આવી હતી જેમાં ગ્રામજનો આજુબાજુમાંથી માઈભક્તો ઉપસ્થિત રહ્યાં હતા અને શોભાયાત્રામાં તથા હવનના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. પ્રમુખ રાજ શેખાવત તેમજ કરણીસેનાના હોદ્દેદારો ઉપસ્થિત રહીને દર્શનનો લાભ લીધો હતો. સમગ્ર પ્રતિષ્ઠા મહોત્સવને સફળ બનાવવા સ્વ.સરદારસિંહ ઝાલાના પરીવારે ભારે જહેમત ઊઠાવી હતી.

# વનબંધુ-આદિજાતિ વિકાસ માટે શ્રેણીબદ્ધ નિર્ણયો થયા

અમદાવાદ, તા.૧૫

મુખ્યમંત્રી વિજય રૂપાણીની અધ્યક્ષતામાં તાજેતરમાં ગાંધીનગરમાં યોજાયેલી આદિજાતિ વિકાસ વિભાગની ઉચ્ચસ્તરીય બેઠકમાં આ વનબંધુઓના સર્વગ્રાહી વિકાસ અને જીવન ધોરણમાં વૃધ્ધિના મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા.

મુખ્યમંત્રીએ આદિજાતિ ખાતેદારોની જમીનની માલિકીનો વિસ્તાર નાનો હોવાથી એવો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે કે બ્લોક / સર્વે નંબરના આદિજાતિ ખાતેદારને ૪ એકર જમીન હોય તો પણ બીજું વીજ જોડાણ આપવામાં આવશે. રાજ્યમાં વધારાનું ખેતી વિષયક વીજ જોડાણ મેળવવા માટે ખાતેદાર પાસે ૮ એકરથી વધુ જમીન હોવી આવશ્યક છે.

પરંતુ આદિજાતિ વિસ્તાર માટે આ નિયમમાં છૂટછાટ આપવામાં આવી છે. તેમણે આદિજાતિ વિસ્તારોમાં અનાજ દળવાની ઘંટી માટેના કનેકશન લેવા માટે અગાઉ બિનખેતી એન.એ.નું જે પ્રમાણપત્ર મેળવવું પડતું હતું તે મેળવવામાંથી પણ મુકિત આપી છે. એટલું જ નહિ, ખેતી વિષયક અન્ય વ્યવસાયના કિસ્સામાં પણ આવા વીજ કનેકશન લેવા માટે એન.એ. પ્રમાણપત્રની જરૂરિયાત રહેશે નહિ. તેવો નિર્ણય બેઠકમાં કરવામાં આવ્યો હતો. મુખ્યમંત્રીએ આદિજાતિ પરિવારોના હોનહાર બાળકો સેપ્ટ, રક્ષાશકિત, ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટી જેવી ઉચ્ચશિક્ષણ સંસ્થામાં અભ્યાસ કરી શકે તે માટે એક દિશા સૂચક નિર્ણય પણ આ બેઠકમાં કર્યો હતો.

તદઅનુસાર, આવી યુનિવર્સિટી અને સંસ્થાઓમાં અભ્યાસ કરતા આદિજાતિ વિદ્યાર્થીઓને પણ અનૂસુચિત જાતિ અને અન્ય પછાત વર્ગો (મ્ઝ)ના વિદ્યાર્થીઓને મળતી શિષ્યવૃત્તિના ધોરણે જ શિષ્યવૃત્તિ સહાય અપાશે.રૂપાણીએ રાજયમાં ૧૯૬ ફોરેસ્ટ વિલેજને રેવન્યુ વિલેજ બનાવવામાં આવેલા છે તેનું રેવન્યુ રેકર્ડ એક માસમાં તૈયાર કરી દેવાની પણ સ્પષ્ટ સૂચનાઓ આપી હતી. મુખ્યમંત્રીની અધ્યક્ષતાની આ બેઠકમાં એવો પણ નિર્ણય કરવામાં આવ્યો કે આદિવાસી વિસ્તારમાં સિંચાઈ યોજનાના અસરગ્રસ્તોને પૂનઃ વસવાટના જે લાભો મળવાપાત્ર થાય છે તે ઝડપી મળી રહે તે હેતુસર મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષસ્થાને મહેસૂલ, વન-પર્યાવરણ અને સિંચાઈ વિભાગના વરિષ્ઠ સિચવોની બેઠક ૧૫ દિવસમાં બોલાવી વ્યવહારૂ ઉકેલ લાવી દેવાશે.

## તન તંદુરસ્તી ● ચોથા પાનાનું ચાલું

ખાસ પ્રમાણમાં લેવા જોઈએ. શ્વાસોશ્વાસની જે લોકોને તકલીફ છે એ લોકોએ ખાસ ચ્યવનપ્રાશ લેવા જોઈએ. ચ્યવનપ્રાશમાં ૪૧ થી ૫૦ જેટલા કુદરતી આયુર્વેદિક પદાર્થો રહેલા છે. જેનાથી શરીરને ખૂબ જ ફાયદો થાય છે. જે લોકોને માથાના વાળ ખરી જવાની સમસ્યા હોય છે તેમને પણ ચ્યવનપ્રાશ ખાવો જોઈએ. તેમાં વિટામીન-સી (આંબળા) માં રહેલું છે.

હવે સવાલ થાય કે ડાયાબિટીસ વાળા દર્દીઓ ચ્યવનપ્રાસ ખાઈ શકે ? ચ્યવનપ્રાશમાં ખાંડનું પ્રમાણ બહુ વધારે હોય છે. તો જવાબ આપી શકાય કે શુગર ફ્રી ચ્યવનપ્રાશ ખાઈ શકાય. જે લોકોને બ્લડપ્રેશરનો પ્રશ્ન હોય એ લોકો ચ્યવનપ્રાશ ખાઈ શકે ? ડુંગળી અને આંબળામાં એવી શક્તિ રહેલી છે કે બ્લડપ્રેશરને નોર્મલ કરે છે. ચ્યવનપ્રાશમાં ૬ ગ્રામ સુગર હોય છે. ચ્યવનપ્રાશની સાથે સાથે એવો પણ પ્રશ્ન થાય છે કે ચ્યવનપ્રાશ કયા સુધી લઈ શકાય. મતલબ કે ચ્યવનપ્રાશની એક્સપાયર ડેટ કઈ છે. સામાન્ય રીતે છ મહિના પછીનો ચ્યવનપ્રાશ ન લેવો જોઈએ. ચ્યવનપ્રાશ કોણ લઈ શકે ? જે લોકોને કીડનીના પ્રશ્ન હોય એ લોકોએ ચ્યવનપ્રાશ ન લેવો જોઈએ. જે લોકોને એસિડીટીના પ્રશ્ન હોય એમને પણ ન લેવો જોઈએ. પ્રેગ્નેન્સી હોય ત્યારે ચ્યવનપ્રાશ ન લેવો જોઈએ.

# કેવડિયા ખાતે દેશનું સૌપ્રથમ ઈકો ફ્રેન્ડલી સ્ટેશન બનાવાશે

### ગુજરાતના કેવડિયામાં ખાતે દેશનું સૌ પ્રથમ ઇકો ફ્રેન્ડલી ગ્રીન બિલ્ડીંગ બનશે જે બિલકુલ પ્રદુષણમુક્ત બની રહેશે

અમદાવાદ,તા.૧૫

સ્ટેચ્યુ ઓફ યુનિટીની વધતી જતી લોકપ્રિયતા અને તેને જોવા આવનાર દેશ-વિદેશના મુલાકાતીઓની સંખ્યા નોંધપાત્ર હદે વધતાં રાજય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા તેમાં નીતનવા આકર્ષણો અને પ્રવાસીઓ માટેની સુવિધામાં ઉમેરો થતો જાય છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધી ઝડપથી અને સરળતાથી પહોંચી શકાય તે હેતુથી કેન્દ્ર સરકારે રેલ્વે મંત્રાલય અને રાજય સરકારના સહયોગથી નર્મદા જિલ્લાના કેવડિયા ખાતે રેલ્વે સ્ટેશન બનાવવાની કવાયત હાથ ધરવામાં આવી છે. સૌથી નોંધનીય વાત એ છે કે, કેવડિયા ખાતે દેશનું આ સૌપ્રથમ ઈકો ફ્રેન્ડલી રેલ્વે સ્ટેશન બનશે. એટલું જ નહી, કેવડિયા ખાતે ઈકો ઝોન હોવાથી કેવડિયા ખાતે દેશનું સૌપ્રથમ ઈકો ફ્રેન્ડલી ગ્રીન બિલ્ડીંગ પણ બનશે, જે બિલકુલ પ્રદૂષણમુકત રહેશે. દેશના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ કેવડિયા આજે સવારે ૧૦-૩૦ વાગ્યે કેવડિયાની પહોંચ્યા હતા. જ્યાં તેઓએ વેલી ઓફ ફ્લાવર ખાતે આગમન અને પીપળાના વૃક્ષનું વાવેતર કર્યું હતું. આ ઉપરાંત પ્રાર્થના સભામાં પણ જોડાયા હતા. ત્યારબાદ સરદાર વલ્લભભાઈ પટેલના ચરણોમાં પુષ્પાંજલિ કરી હતી. અને સ્ટેચ્યુ ઓફ યુનિટીની વ્યૂઈંગ ગેલેરી નિહાળી હતી. રાષ્ટ્રપતિએ રૂ.૨૦ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થનારા દેશના પ્રથમ ગ્રીન ઈકો ફ્રેન્ડલી રેલવે સ્ટેશનનું આજે ખાતમુર્હુત કર્યું હતું. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ સાથે કેન્દ્રીય રેલવે મંત્રી પિયુષ ગોયલ અને મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ હાજર રહ્યા હતા. આ પ્રસંગે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે જણાવ્યું હતું કે, મારૂ સૌભાગ્ય છે કે, મને અહીં આવવાની તક મળી, મારી આ યાત્રા અવિસ્મરણીય બની રહેશે. સરદાર વલ્લભભાઈ પટેલની વિશાળ પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી વિશ્વ માટે આકર્ષણનું કેન્દ્ર બની છે. આઝાદી સમયે દેશ રજવાડાઓમાં વિભાજીત હતો, ત્યારે સરદાર પટેલે દેશને એક કર્યો હતો, તેઓ દેશના સાચા શિલ્પકાર હતા. મહાત્મા ગાંધી અને સરદાર પટેલ બે વિભૂતીઓ દેશને ગુજરાતની દેન હતા. છેલ્લા બે દશકોમાં ગુજરાતે વિકાસની ઉંચાઈઓ સર કરી છે. નરેન્દ્ર મોદીએ ગુજરાતને વિશ્વ સ્તર પર પ્રગતિશીલ રાજ્ય તરીકે સ્થાપિત કર્યું છે. ભારતીય રેલવે માત્ર દેશને જ નહીં દેશવાસીઓના દિલોને પણ જોડે છે. કેવડિયા રેલવે સેવાથી દિલ્હી અને મુંબઈ સાથે જોડાઈ જશે, રેલવે સ્ટેશન બનવાથી આ સ્થળનો વિકાસ થશે. નર્મદા નહેર યોજનાથી સમગ્ર ગુજરાતના ખૂણે ખૂણામાં પાણી મળ્યું છે. નોંધનીય છે કે, કેવડિયા ખાતેના આ ઈકો ફ્રેન્ડલી રેલવે સ્ટેશનની છત પર ૨૦૦ કિલોવોટ વીજળી ઉત્પાદન કરતી સોલાર પ્લેટો લગાડવામાં આવશે. રેલવે સ્ટેશનમાં રેઈન વોટર હાર્વેસ્ટિંગ અને સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ઈકો વોટરલેશ બાથરૂમ, ઈસ્યુલેટેડ સીસા, દીવાલ બનાવાશે. સ્ટેશન માસ્ટરની ઓફિસ, પ્રવાસીઓ માટે સામાન્ય પ્રતિક્ષા કક્ષ, વીવીઆઈપી પ્રતિક્ષા કક્ષ, વિદેશી પ્રવાસીઓ માટે લોન્જ બનાવવામાં આવશે. નર્મદા ડેમ અને સ્ટેચ્યુ ઓફ યુનિટીને લઈને પ્રવાસીઓની ભીડ વધી રહી છે, જેથી પ્રવાસીઓ વધતા રેલવે સ્ટેશન બનાવવાનો નિર્ણય લેવાયો હતો. આ પહેલા પ્રવાસીઓના સવલત માટે ફોર લેન રોડ બનાવી દેવાયા છે અને હવે રેલવે જંકશન પણ બનશે.

આમ, સ્ટેચ્યુ ઓફ યુનિટીને લઈ હવે કેવડિયા અને તેની આસપાસના સમગ્ર વિસ્તાર ટુરીઝમના દ્રષ્ટિકોણથી બહુ જ ઝડપથી અને અસરકારક રીતે વિકાસ પામી રહ્યા છે અને ત્યાં નીતનવા આકર્ષણો ઉમેરાઈ રહ્યા છે. દેશનું આ પ્રથમ ઈકો ફ્રેન્ડલી રેલ્વે સ્ટેશન પણ જોવાલાયક હશે.

# સરદાર પટેલના નિર્વાણ દિવસે શ્રદ્ધાંજલિના યોજાયેલ કાર્યક્રમ

અમદાવાદ, તા.૧૫

શહેરના લો ગાર્ડન વિસ્તારમાં જીએલએસ કેમ્પસમાં આવેલી ગુજરાત લો સોસાયટી સંચાલિત એચ.એ. કોલેજ ઓફ કોમર્સમાં આજે સરદાર પટેલના નિર્વાણ દિને શ્રધ્ધાંજલીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓ, કોલેજના પ્રોફેસરો અને સ્ટાફ કર્મચારીઓ સહિત સૌકોઈએ સરદાર પટેલના ઈતિહાસને વાગોળવાની સાથે તેમના ઐતિહાસિક અને મહાન કાર્યોને યાદ કરી તેમને સાચા અર્થમાં શ્રધ્ધાંજલિ અર્પવાનો નમ્ર પ્રયાસ કર્યો હતો.

આ પ્રસંગે એચ.એ.કોલેજ ઓફ કોમર્સના પ્રિન્સીપાલ સંજય વકીલે જણાવ્યું હતું કે, સરદાર પટેલ અખંડ ભારતના શિલ્પી તથા દિર્ગ દ્રષ્ટિ વાળા હતા. ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન તરીકે ઉત્તમ કામગીરી બજાવી હતી જેમાં મુખ્ય કાર્ય ભારતના વિવિધ રજવાડાઓનું એકીકરણ કરી અખંડ ભારતનું નિર્માણ કર્યું હતું.

સરદાર પટેલે ગુજરાત પ્રાંતમાં શૈક્ષણિક તથા સામાજિક સંસ્થાઓ સ્થાપીને ઘણી મોટી સેવા કરી છે. અમદાવાદ કોર્પોરેશન તથા વિવિધ જાહેર સંસ્થાઓમાં વિવિધ હોદ્દાઓ ઉપર રહીને માનવસેવા કરી છે. આજના યુવાનોએ સરદાર પટેલના સંઘર્ષમય જીવનમાંથી પ્રેરણા લેવી જોઈએ જેથી તેઓનો સર્વાંગી વિકાસ થઈ શકે.

૨૧મી સદીના યુવાનોમાં પુરષાર્થ તથા ધીરજનો અભાવ જોવા મળે છે જેનું મુખ્ય કારણ આજની શિક્ષણ પ્રથા પણ છે. ખુબજ ધીકતી વકીલાત છોડીને સરદાર પટેલે દેશને આઝાદ કરવામાં પોતાનું જીવન અર્પી દીધું તથા મહાત્મા ગાંધીના માર્ગે ચાલીને સ્વતંત્રતા ચળવળમાં જોડાઈ સંઘર્ષમય જીવન જીવી દેશની મોટી સેવા કરી હતી. આવા કર્મઠ સ્વાતંત્ર સેનાનીને દરેક ભારતીયે યાદ કરવા જોઈએ. કોલેજના વિદ્યાર્થીઓએ સરદાર પટેલને શ્રધ્ધાંજલી આપી હતી.